જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૨/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૪૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૩૧૯ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠ ળ ૦૪ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૧૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૪૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૪૮/૨૦૨૬**

નરોડાઃ જગદીશભાઇ મણીભાઇ પટેલ (ઉ.વ.૭૪) (રહે. ગોકુલધામ સોસાયટી નરોડા કઠવાડા રોડ નરોડા) એ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને–૨૦૨૩ માહે ઓક્ટોમ્બર થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રાકેશભાઇ અમૃતલાલ પટેલ (રહે. પુલીન પાર્ક સોસાયટી માછલી સર્કલની બાજુમાં ગૌતમ ફ્લેટ સામે નરોડા) એ જગદીશભાઇ પટેલના પૌત્ર નાઓને ન્યુઝીલેન્ડના વીઝા કઢાવી આપવાનુ કહી વિશ્વાસમા લઇ જગદીશભાઇ પટેલ પાસેથી રૂપિયા ૪૦,૫૧,૦૦૦/– મેળવી લઈ વીઝા નહી કઢાવી આપી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

રખિયાલઃ અતીક સ/ઓ અબ્દુલલતીફ અંસારી (ઉ.વ.૩૪) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ, મોરારજી ચોક પાસે રખિયાલ) એ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે અતીક અંસારીએ ધંધાના રૂપિયા ૨,૫૦,૦૦૦/– ખાતામાં જમા કરાવવા માટે આરોપી અશગરખાન સરવરખાન પઠાણ (રહે. લોખંડવાળી ચાલી, એલહેહદીસ મસ્જીદ પાસે, રખિયાલ) નાઓને આપેલ હતા. જે નાણાં ખાતામાં જમાં નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી મનોજભાઇ નટવરલાલ ચલાવે છે.

ઇસનપુરઃ અમરસિંહ ભીખસિંહ રાજપૂત (ઉ.વ.૨૫) (રહે. ધ્વની ટેનામેન્ટ નંદનવન પાર્ટી પ્લોટની બાજુમાં ઇસનપુર) એ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૧/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ અમરસિંહ રાજપૂત નાઓના બેન્ક ખાતામાં રજીસ્ટ્રેશન મોબાઈલ નંબરનુ સીમકાર્ડ બંધ કરાવી, અમરસિંહ રાજપૂતના ખાતામાંથી ૧૪ અલગ–અલગ ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૧,૦૨,૬૪૧/– અલગ–અલગ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૨૪૯/૨૦૨૬**

વેજલપુરઃ મહંમદમુસ્તાક મહંમદયુસુફ મનસુરી (રહે. મરીયમ પાર્ક સોસાયટી સાહીલ પાર્ક ગેટની અંદર નસીમ પાર્લરની લાઈનમાં ફતેવાડી ટાવર જુહાપુરા) એ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૨૦૨૬ બપોરના ૦૨/૧૫ થી ૦૩/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં રસોડાની પાછળનો લોખંડનો દરવાજો નીચેથી વાળી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૭૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ટી.પઠાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૨૫૦/૨૦૨૬**

આનંદનગરઃ લગધીરભાઈ મુળજીભાઈ દેસાઈ (રહે.જય ગુરુદેવ સોસાયટી ન્યુ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા રોડ વેજલપુર) એ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૨/૨૦૨૬ ના કલાક ૧/૩૦ થી તા.૦૬/૦૨/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જય ગુરુદેવ સોસાયટી ન્યુ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા રોડ વેજલપુર સોસાયટી નજીક પાર્ક કરેલ પોતાની ફોર વ્હીલ ગાડીના સ્ટેપની સાથેના ચાર ટાયર કિમત રૂપિયા ૩૫,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુનિલભાઈ ઘનજીભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૨૫૧/૨૦૨૬**

ચાંદખેડાઃ જાસુદ ઉર્ફે ભુમી વા/ઓ મિનેશભાઈ પંડયા (ઉ.વ.૨૬) (રહે. તેજેન્દ્રનગર વિભાગ–૨ સોનાનગરની બાજુમાં આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૬ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરના પહેલા માળના ઘાબા ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એસ.પરમાર ચલાવે છે.

માધવપુરાઃ નરેન્દ્રસિહ બાવલભાઈ વાઘેલા (ઉ.વ.૫૨)(રહે.શ્રી શિવશક્તિનગરની ચાલિ માસ્ટર કોલોની બાજુમાં શાહપુર દરવાજા બહાર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૬ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મુકેશભાઈ માવાભાઈ ચલાવે છે.

નરોડાઃ પંકજભાઈ રામુભાઈ ભરવાડ (ઉ.વ.૨૫) (રહે. ગજાનંદ વિલાની બાજુમાં આવેલ છાપરામાં સ્થાપત્ય એલીગન્સ પાછળ દહેગામ રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૨/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૨/૨૦૨૬ કલાક ૦૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રસિંહ કેસરીસિંહ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી